દાખલતારીખ : ૩૦–૦૪–૨૦૨૫
નોંધ્યા તારીખ: ૩૦–૦૪–૨૦૨૫
ફેસલ તારીખ : ૦૭–૦૩–૨૦૨૬
સમયગાળો: વર્ષ–મહીના–દીવસ
૦૦ – ૧૦ – ૦૭

---

ભિલોડાના મહે. એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,
મુ.ભિલોડા, જીલ્લા: અરવલ્લી.

---

ક્રિ.પ.અ.નંબર–૨૯૧/૨૦૨૫
આંક : –૨૧

અરજદાર :– પાંડોર શાંતિલાલ કકવાજી,
ઉ.વ.આ.૪૯,ધંધી.ખેતી,
રહે, મુ.પો.લીમડા,તા.વિજયનગર,જી.સાબરકાંઠા.

*વિરૂધ્ધ.*

સામાવાળાઓ:– (૧) જન્મ–મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
(ત.ક.મંત્રીશ્રી) લીમડા ગ્રામ પંચાયત,લીમડા,
મુ.પો.લીમડા,તા.વિજયનગર,જી.સાબરકાંઠા
(૨) આચાર્યશ્રી,
નવીભાઈ રામજી અશાર વિદ્યાલય ભિલોડા,
મુ.પો.તા.ભિલોડા,જી.અરવલ્લી.
(૩) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
મુ.પો.તા.મોડાસા,જી.અરવલ્લી.

o------------------------------------o

અરજ :–ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન રેગ્યુલેશન–૧૯૭૪ના નિયમ૧૨(એ) ક્લોઝ–૫,૬ મુજબ સ્કુલ લિવિંગ સર્ટીફીકેટના કોલમમાં જન્મ તારીખમાં સુધારો કરવા.

o------------------------------------o

અરજદાર તર્ફે વિધ્વાન વકીલ શ્રી એમ.એસ.પાંડવ

સામાવાળા તર્ફે વિધ્વાન વકીલશ્રી ––

o------------------------------------o

–: ઠ રા વ :–

(૧) અરજદારે હાલની અરજી તેઓના દિકરા નામે ચીરાગભાઈની

જન્મ તારીખમાં સુધારો કરવા માટે કરેલ છે.અરજીની ટુંકમાં હકીકત જોવામાં આવે તો,અરજદારના લગ્ન ૧૯૯૮ની સાલમાં મુ.પો.કમઠાડીયા,તા. ભિલોડા, જી.અરવલ્લી ગામના રહીશ મોથલીયા કાવજીભાઈ મનજીભાઈની દિકરી શુશીલાબેન સાથે સમાજના ચાલતા રીતરિવાજ મુજબ થયેલા અને ત્યારથી મુ.પો.લીમડા,તા.વિજયનગર મુકામે પતિ–પત્ની તરીકે સાથે રહેતા હતા તથા લગ્નજીવન દરમિયાન બે બાળકોનો જન્મ થયેલ જે પૈકી દિકરો ચિરાગભાઈ અરજદાર સાથે ઉપરોક્ત બતાવેલ સરનામે રહે છે તેને કમઠાડીયા પ્રા.શાળામાં ધોરણ–૧ મા અભ્યાસ કરેલ ત્યારબાદ વધુ અભ્યાસ માટે નાવીભાઈ રામજી અશાર વિદ્યાલય,ભિલોડા,જી.અરવલ્લી ખાતે દાખલ કરેલ તથા અરજદારના દિકરા ચિરાગભાઈનો જન્મ લીમડા,તા.વિજયનગર મુકામે અરજદારની હાજરીમાં તારીખ ૧૭/૧૧/૨૦૦૧ના રોજ થયેલ છે પરંતુ ચિરાગભાઈને કમઠાડીયા પ્રા.શાળામાં અભ્યાસ અર્થે દાખલ કરેલ તે સમયે શરતચૂક અને ભુલથી જન્મ તારીખ ૨૮/૦૮/૨૦૦૧ ની લખાઈ ગયેલ છે તથા ચિરાગભાઈની સાચી જન્મ તારીખની લીમડા ગ્રામ પંચાયત ખાતે જન્મ રજીસ્ટરના રેકર્ડે ખાત્રી કરતા તેઓના દિકરાની સાચી જન્મ તારીખ.૧૭/૧૧/૨૦૦૧ના રોજની નોંધાયેલ છે જે સાચી જન્મ તારીખ છે જે લીમડા ગ્રામ પંચાયત ખાતે નોંધાયેલ છે હાલમાં અરજદારના દિકરાને સ્કુલ લિવીંગ સર્ટિફિકેટમાં તેમજ સરકારી રેકર્ડે સુધારો કરવાના કામે જરૂરીયાત પડે તેમ છે અને તેવા સંજોગોમાં અરજદારના દિકરાના જન્મ પ્રમાણપત્રમાં અને સ્કુલ લિવિંગ સર્ટિફિકેટના જન્મ તારીખમાં વિસંગતતા અને તફાવતના કારણે સરકારી અર્ધસરકારી કામે તકલીફ પડે અને અભ્યાસ વ્યર્થ જાય તેમ છે જેથી અરજદારના દિકરા ચિરાગભાઈના સ્કુલ લિવીંગ સર્ટીફીકેટમાં લખાયેલ જન્મ તા.૨૮/૦૮/૨૦૦૧ ખોટી રીતે લખાયેલ છે અને ચિરાગભાઈની સાચી અને ખરી જન્મ તા.૧૭/૧૧/૨૦૦૧ છે તથા

ચિરાગભાઈની જન્મ તારીખમાં ભિન્નતાના કારણે ઘણી જ મુશ્કેલીઓ ઊભી થાય તેમજ સરકારી કામકાજમાં પણ અડચણો ઊભી થાય તેમ છે માટે ભારે અગવડ ભરી મુશ્કેલીઓ પેદા થાય તેમ છે અને અરજદારના દિકરા ચિરાગભાઈના ભવિષ્યને ખુબ જ મોટું નુકશાન થાય તેમ છે જેથી અરજદારના દિકરાને ભવિષ્યને ખુબ જ મોટું નુકશાન થાય તેવા સંજોગો ઊભા થાય તેમ છે જેથી અરજદારની દિકરાના સ્કુલ લિવિંગ સર્ટિફિકેટમાં જન્મ તારીખ ૨૮/૦૮/૨૦૦૧ છે તેના બદલે છે તે અંગેનો સ્કુલ લિવિંગ સર્ટીફીકેટમાં જન્મ તારીખ ૨૮/૦૮/૨૦૦૧ છે તેના બદલે છે તે અંગેનો સ્કુલ લિવિંગ સર્ટીફીકેટમાં સુધારો કરાવવાના કામે હાલની આ અરજ દાખલ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ તેમ જણાવી નીચે મુજબની દાદ માગેલ છે.

<u>દાદ:-</u>

(અ) અરજદારના દિકરા ચિરાગભાઈની સ્કુલ લિવિંગ સર્ટિફિકેટમાં જન્મ તા. ૨૮/૦૮/૨૦૦૧ છે તેના બદલે સાચી અને ખરી જન્મ તા.૧૭/ ૧૧/૨૦૦૧ છે તેમ ઠેરવી તે અંગે સ્કુલ લિવિંગ સર્ટિફિકેટમાં સુધારો કરવાનો હુકમ કરવા અરજ કરેલ છે.

( બ) આ અરજીને આનુષાંગિક આપ નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી હરકોઈ દાદ અપાવવા અરજ કરેલ છે.

**(૨)** ઉપરોકત હકીકતો મુજબની અરજી દાખલ થતા આ કામના સામાવાળાઓને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ જે ધોરણસસર બજી ગયેલ છે.સામાવાળા નં.૧ તર્ફે આંક-૦૮ થી અરજીનો જવાબ રજુ રાખવામાં આવેલ છે,જે જવાબમાં જણાવ્યા મુજબ ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન રેગ્યુલેશન-૧૯૭૪ના નિયમ ૧૨-ક(૬) મુજબ વિદ્યાર્થી શાળા છોડી ગયા બાદ શાળાના જનરલ રજીસ્ટરમાં નામ,જન્મ તારીખ કે અન્ય કોઈ

વિગતમાં સુધારો થઈ શકે નહી જેથી અરજદારની માંગણી ગ્રાહ્ય રાખી શકાય નહી.

(૩) અરજદાર તર્ફે પોતાની અરજીના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ રાખવામાં આવેલા છે.

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૪ | સાહેદ પંકજકુમાર લલ્લુભાઈ પંડયાની જુબાની |
| ૨. | ૦૫ | ત.ક.મ.નો જવાબ |
| ૩. | ૦૬ | જન્મ રજીસ્ટરની નકલ |
| ૪. | ૦૭ | સાહેદ જગદીશકુમાર કચરાભાઈ પરમારની જુબાની |
| ૫. | ૦૮ | જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,અરવલ્લીનો જવાબ |
| ૬. | ૦૯ | સાહેદ રાજુભાઈ લાલાભાઈ વણઝારાની જુબાની |
| ૭. | ૧૦ | શાળાના જનરલ રજીસ્ટરની ખરી નકલ |
| ૮. | ૧૧ | અરજદાર પાંડોર શાંતીલાલ કકવાજીની સરતપાસનું સોગંદનામું |
| ૯. | ૧૭ | અરજદારના પુત્રના જન્મ પ્રમાણપત્રની સર્ટીફાઈડ નકલ |
| ૧૦. | ૧૮ | અરજદારના પુત્રના લીવીંગ સર્ટીફીકેટની સર્ટીફાઈડ નકલ |
| ૧૧. | ૧૯ | અરજદારના આધારકાર્ડની સર્ટીફાઈડ નકલ |

ઉપરોકત મુજબના અરજદારના પુરાવાઓ રજુ થયા બાદ અરજદાર તર્ફે આંક–૧૫ તથા ૨૦ થી કલોઝીંગ પુરસીસ આપી વધુ પુરાવો રજુ કરવા માંગતા નથી તેવુ જાહેર કરેલ છે.

(૪) આ કામે આંક–૦૪ થી સાહેદ સાહેદ પંકજકુમાર લલ્લુભાઈ પંડયા કે જેઓ સિનિયર કલાર્ક તરીકે એન.આર.એ.વિદ્યાલયમાં ફરજ બજાવે છે તેઓએ કોર્ટરૂબરૂ જણાવેલ છે કે,''હુ તા.૧૮.૦૮.૨૫ થી લીમડા ગ્રામ પંચાયતમાં તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવુ છુ.મને કોર્ટનો સમન્સ બજતાં હુ આજરોજ મારી સાથે મારો જવાબ તથા અરજદાર શાંતિલાલ કકવાજી પાંડોરના બંને સંતાનો નામે ચીરાગભાઈ શાંતીલાલ પાંડોર તથા પ્રતિક્ષાબેન

શાંતીલાલ પાંડોરના અમારી કચેરીએ જન્મના રજીસ્ટરમાં નોંધાયેલ નોંધ અંગેનો પુરાવો લાવેલ છુ જેમાં અસલ જન્મ રજીસ્ટર તથા તે ઉપરથી અમોએ કરેલ સર્ટીફાઈડ ઝેરોક્ષ નકલ લાવેલ છુ.આ જન્મ રજીસ્ટર પ્રમાણે ચીરાગ શાંતીલાલ પાંડોરનો જન્મ તા.૧૭.૧૧.૨૦૦૧ ના રોજ નોંધ નં .૫૬,તા.૨૦.૧૧.૨૦૦૧ ના રોજ નોંધાયેલ છે જે સર્ટીફાઈડ નકલ તથા મારો જવાબ રજુ કરુ છુ જે રજુ દા.આંક–૦૫ અને ૦૬ આપવામાં આવે છે.''

(૫) આ કામે આંક–૦૭ થી સાહેદ જગદીશકુમાર કચરાભાઈ પરમારનાઓએ કોર્ટરૂબરૂ હાજર રહી જણાવેલ છે કે,''હુ છેલ્લા બે વર્ષથી જીલ્લા શીક્ષણ અધિકારીની કચેરી,અરવલ્લી,મોડાસા ખાતે છેલ્લા બે વર્ષથી મદદનીશ શીક્ષણ નીરીક્ષક તરીકે ફરજ બજાવુ છુ.મારી ફરજમાં જીલ્લામાં આવેલ માધ્યમીક શીક્ષણ આપતી સ્કુલોનુ નીરીક્ષણ કરવાની કામગીરી છે.મને કોર્ટનો સમન્સ બજતાં હુ આજરોજ મારી સાથે મારો જવાબ લઈને આવેલ છુ જે રજુ દા.આંક–૦૮ આપવામાં આવે છે તથા અરજદાર શાંતિલાલ કકવાજી પાંડોરના દીકરા ચીરાગ શાંતીલાલ પાંડોરના અરજીમાં માગ્યા મુજબ જન્મ તારીખમાં ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન રેગ્યુલેશન–૧૯૭૪ ના નીયમ–૧૨(ક)(૬) અનુસાર શાળા છોડી ગયા હોય તેવા વિદ્યાર્થીના જન્મ રજીસ્ટરમાં નામ,જન્મ તારીખ,અન્ય કોઈ વિગતમાં સુધારો થઈ શકે તેમ ન હોય હાલની અરજીમાં માંગ્યા મુજબ લીવીંગ સર્ટીફીકેટમાં સુધારો થઈ શકે તેમ નથી.''

(૬) આ કામે આંક–૦૯ થી સાહેદ રાજુભાઈ લાલભાઈ વણઝારા નાઓએ કોર્ટ રૂબરૂ હાજર રહી જણાવેલ છે કે,''હુ એન.આર.એ.વિધાલય ભીલોડા ખાતે સને ૨૦૦૬ થી ફરજ બજાવુ છુ તથા હાલમાં સીનીયર કલાર્ક તરીકે કામગીરી કરુ છુ મને કોર્ટનો સમન્સ બજતાં હુ આજરોજ મારી સાથે અમારી સ્કુલનુ સને ૨૦૧૧ થી ૨૦૧૯ સુધીના જી.આર.રજીસ્ટર

અસલ લઈને આવેલ છુ.અમારી સ્કુલમાં ચીરાગકુમાર શાંતીલાલ પાંડોરનાએ તા.૦૬.૦૬.૨૦૧૬ના રોજ જી.આર.નંબર–૯૫૮૨ થી ધોરણ–૧૧ કોર્મસમાં પ્રવેશ મેળવેલ તથા તા.૧૪.૦૫.૨૦૧૮ ના રોજ ધોરણ–૧૨ કોર્મસની પરીક્ષા પાસ કરી સ્કુલ છોડેલ છે.અમારી સ્કુલ ધ્વારા લીવીંગ સર્ટીફીકેટ નં.૧૦૯૨૨ આ ચીરાગકુમાર શાંતીલાલ પાંડોરને લીવીંગ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવેલ જેમાં તેની જન્મ તા.૨૮.૦૮.૨૦૦૧ લખેલ છે.હુ આજરોજ મારી સાથે અમારી સ્કુલના સને ૨૦૧૧ થી ૨૦૧૯ સુધીના જી.આર.રજીસ્ટર અસલ ઉપરથી ચીરાગકુમાર શાંતીલાલ પાંડોર ને જી.આર.નં.૯૫૮૨ તથા લીવીંગ સર્ટીફીકેટ નં.૧૦૯૨૨ થી આપેલ નોંધની સર્ટીફાઈડ નકલ રજુ કરુ છુ જે રજુ દા.આંક–૧૦ આપવામાં આવે છે.''

**(૭)** હાલની અરજી અરજદારે તેમના પુત્રના સ્કુલ લીવીંગ સર્ટિફિકેટમાં જન્મતારીખના કોલમમાં થયેલ શરતચૂકની ભુલના સુધારા માટે કરેલ છે.આ તબકકે ગુજરાત માધ્યમીક શિક્ષણ વિનિમયો–૧૯૪૭ ની જોગવાઈ ૧૨–ક(૧) અને ૧૨–ક(૬) સુધીના નિયમો વંચાણે લેવા જરૂરી બને છે જે નીચે મુજબ છે.

**<u>વિનિયમ નં.૧૨–ક</u>**

(૧) અધિકારીની પૂર્વ મંજુરી મેળવ્યા વિના,શાળા રજીસ્ટ્રરમાંથી નોંધમાં કોઈ ફેરફાર શકાશે નહી.

(૨) શાળામાં ખરેખર હાજરી આપતાં વિદ્યાર્થીના વતી હોય તે સિવાય શાળા રજીસ્ટ્રરમાં કોઈ ફેરફાર માટેની અરજી સ્વીકારી શકશે નહી.

(૩) શાળા રજીસ્ટ્રરમાંથી નોંધોમાં ફેરફાર માટેની અરજી વિદ્યાર્થીના મા–બાપ અથવા વાલીએ જ કરવી પડશે.અરજી મોકલવામાં આવે ત્યારે શાળાના વડાએ પ્રમાણીત કરવુ જોઈશે કે તેણે

સહીની ખરાઈ કરી છે અને વિદ્યાર્થીના મા–બાપે અથવા વાલીએ તેની સમક્ષ અરજીમાં સહી કરી છે.

(૪) જન્મ તારીખમાં ફેરફાર: જન્મ તારીખમાં ફેરફાર માટે ભુલ કેવી કરવામાં આવી છે તે સ્પષ્ટ પણે અરજીમાં જણાવવું જોઈશે અને સૂચિત ફેરફારના સમર્થન રૂપે નીચે પ્રમાણે દસ્તાવેજી પુરાવો રજુ કરવો જોઈશે.

(ક) જન્મ રજીસ્ટરમાંથી પ્રમાણીત ઉતારો.

(ખ) રસી મુકાવ્યાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.

(ગ) ખ્રિસ્તીના કિસ્સામાં,બાપ્તિખાનાના પ્રમાણપત્રની નકલ.

(ઘ) મા–બાપ અથવા વાલીએ,વૈતનિક મેજિસ્ટ્રેટ અથવા નોટરી રૂબરૂ કરેલ સોગંદનામું

(ચ) અન્ય કોઈ પણ દસ્તાવેજી પુરાવો. જન્માક્ષર પર બહુ આધાર રાખવો જોઈએ નહી પણ તે સમર્થક પુરાવા તરીકે દાખલ કરી શકાશે.

રજૂ કરેલા દસ્તાવેજી પુરાવાથી બાળક અને મા–બાપની સ્પષ્ટપણે ઓળખ થતી હોઈ અને ખરેખર ભુલ થઈ છે એમાં શંકા ન રહે તેવા પ્રકારના દસ્તાવેજી પુરાવા હોય તે સિવાય,જન્મ તારીખમાં કઈ પણ ફેરફાર કરી શકાશે નહી.ફેરફાર નામંજુર કરવા માટેના કારણો મંજુર કરતા સત્તાધિકારીએ લેખિતમાં રેકર્ડ પર રાખવા જોઈશે.

માધ્યમિક શાળાના જે વિર્દાર્થીઓના મા–બાપ અન્ય કારણોસર જન્મ રજીસ્ટરમાંથી ઉતારો અથવા રસી પ્રમાણપત્ર રજુ કરી શકે તેમ ન હોય ત વિદ્યાર્થીઓના સબંધમાં,પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટ પાસેથી મેળવેલુ પ્રમાણપત્ર રજુ કર્યેથી શાળા રેકર્ડમાં જન્મ તારીખનો ફેરફારકરવાની

પરવાનગી આપી શકાશે.

(૫) (૧) નામમાં ફેરફાર:નામમાં ફેરફાર કરવા માટે નીચેના દસ્તાવેજી પુરાવો અરજી સાથે હોવો જોઈશે અને રજુ કરેલો પુરાવો કાળજીથી તપાસ્યા વિના કઈ પણ ફેરફાર મંજુર કરવો જોઈશે નહી.

(ક) દત્તક ગ્રહણના કિસ્સામાં દત્તક ગ્રહણ પછી બદલાયેલુ નામ દર્શાવતું મૂળ દત્તક ગ્રહણ ખત અથવા મેજીસ્ટ્રેટનું પ્રમાણપત્ર

(ખ) લગ્નની બાબતમાં,સાક્ષીઓ અને છોકરીઓ જાતે સાખ કરેલ માતા–પિતા અથવા વાલીની જાહેરાત.

(ગ) અન્ય તમામ કિસ્સાઓમાં મા–બાપ અથવા વાલીએ મેજિસ્ટ્રેટ અથવા નોટરી રૂબરૂ કરેલુ સોગંદનામું

(ઘ) જાહેર પરીક્ષા પાસ કરી હોય તેવા વિદ્યાર્થીના કિસ્સામાં નામમાં ફેરફાર મંજુર કરવામાં આવે તો,ગુજરાત સરકારી રાજપત્રમાં તેના ફેરફાર જાહેર કરવા તેને ફરમાવવું જોઈશે.

(તેમ છતા,લગ્નને કારણે નામમાં થતો ફેરફાર રાજપત્રમાં જાહેર કરવાનુ જરૂરી નથી.)

(૨) અટકમાં ફેરફાર

(૩)પિતાના નામમાં ફેરફાર

(૪) જન્મ સ્થળમાં ફેરફાર

(૫)ધર્મ અને જાતિમાં ફેરફાર

ઉપરોકત (૨) થી (૫) માં જણાવેલ ફેરફાર કરવા માટે જરૂરી દસ્તાવેજો જેવા કે સમાજ કલ્યાણ અધિકારીનું પ્રમાણપત્ર,મામલતદારનું

પ્રમાણપત્ર,મેજીસ્ટ્રેટ અથવા નોટરી સમક્ષ કરેલ સોગંદનામું રાજયપત્રમાં પ્રસિધ્ધિ અંગેના પુરાવા રજૂ કર્યેથી ફેરફાર કરવાની પરવાનગી આપી શકાશે.

(૬) વિદ્યાર્થીએ ખરેખર શાળા છોડી દીધા પછી શાળા રેકર્ડમાંની નોંધોમાં કોઈ ફેરફાર કરી શકાશે નહી.

અલબત સાચી જન્મ તારીખના સમર્થન રૂપે કોઈ પણ પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટ સમક્ષ જરૂરી પુરાવો રજુ કરવાનો અને તેને ખાતરી થયે, તમામ હેતુઓ માટે સાચી જન્મ તારીખથી માન્ય સાબીતી તરીકે સ્વીકાર્ય હોય જન્મ તારીખના સબંધમાં તેની પાસેથી પ્રમાણપત્ર મેળવવાનો જ માર્ગ રહે છે.

(૮) આમ, ઉપરોકત નિયમો/જોગવાઈ મુજબ ખરેખર શાળા છોડી દીધા બાદ માત્ર જન્મ તારીખમાં ભુલ હોય તો પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટ સમક્ષ જરૂરી પ્રમાણપત્ર મેળવવાની જોગવાઈ છે.એટલે કે જન્મ તારીખ સિવાય અન્ય સુધારાઓ માટેની કોઈ સ્પષ્ટ જોગવાઈ નથી પરંતુ આજ તબકકે **સંદીપચંન્દ્ર દીનેશચંન્દ્ર ચર્તુવેદી વિરૂધ્ધ ગુજરાત સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજયુકેશન બોર્ડનો નામદાર ગુજરાત હાઈકોર્ટ**નો ચુકાદો વંચાણે લેવામાં આવે તો,મે.ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ધ્વારા તારીખ સિવાય અન્ય સુધારા થઈ શકે નહી તેવુ નોંધી અરજી નામંજુર કરતો હુકમ નામદાર ગુજરાત ધ્વારા રદ કરી ટાંકયુ હતુ કે,ઈન્કવાયરી કરી પુરાવા લઈ કેસ ડીસાઈડ કરવા કેસ રીમાન્ડ કરવામાં આવેલ હતો,તેવી જ રીતે **નામદાર ગુજરાત હાઈકોર્ટના નીતાબેન નરેશભાઈ પટેલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત એન્ડ અધર્સ** વાળા ચુકાદામાં પણ નોંધવામાં આવેલ છે કે,ગુજરાત માધ્યમિક શિક્ષણ રેગ્યુલેશનની જોગવાઈઓમાં શાળા છોડી ગયેલ વિદ્યાર્થીઓની તારીખ સિવાયની ભુલો સુધારણા માટે કોઈ જોગવાઈ ના હોઈ વિદ્યાર્થીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે જે સાચો સુધારો મેળવવો એ વિદ્યાર્થીનો મૂળભૂત અધિકાર છે જેનુ રક્ષણ વડી અદાલતો આર્ટીકલ-૨૨૬ હેઠળ કરી શકે

છે તેમજ નીચલી અદાલતોને પણ ડાયરેકશન આપી શકે છે કે આવા કિસ્સાઓમાં યોગ્ય ઈન્કવાયરી કરી પ્રમાણપત્ર ઈસ્યુ કરવુ જોઈએ.સદરહુ ચુકાદામાં ગર્વમેન્ટને પણ રેગ્યુલેશનમાં જરૂરી સુધારા કરવા સુચન કરવામાં આવેલ હતુ.આમ,હાલના કેસની હકીકતોએ પણ અરજદારના પુત્રના સ્કુલ લીવીંગ સર્ટિફિકેટમાં જન્મતારીખના કોલમમાં થયેલ ભુલ સુધારા અંગે જરૂરી ઈન્કવાયરી કરવા અત્રેની અદાલતને જયુરીશ્ડીકશન રહે છે તેવુ અત્રેની અદાલતનું માનવુ છે.

(૯) હવે,અરજદાર તર્ફે રજુ પુરાવાઓ વંચાણે લેવામાં આવે તો,અરજદારના પુત્ર ચિરાગભાઈનાઓના આંક-૧૭ થી રજુ જન્મના પ્રમાણપત્રમાં જન્મતારીખ ૧૭/૧૧/૨૦૦૧ જણાવેલ છે તેમજ અરજદારના પુત્ર ચિરાગભાઈનાઓના આંક-૧૮ થી રજુ સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં જન્મતારીખના કોલમમા તા.૨૮.૦૮.૨૦૦૧ નોંધેલ છે.અજરદારે પોતાની આંક-૧૧થી રજુ સોંગદ ઉપરની સરતપાસમાં જણાવલ છે કે,તેઓના પુત્રની સાચી જન્મતારીખ ૧૭/૧૧/૨૦૦૧ અને સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં જન્મતારીખ તા.૨૮.૦૮.૨૦૦૧ નોંધેલ છે જે ખોટી છે.આમ,અરજદારે તેઓના સોગંદનામા તથા રજુ આંક-૧૭ ના જન્મના પ્રમાણપત્રમાં તેઓના પુત્ર ચિરાગભાઈની જન્મતારીખ ૧૭/૧૧/૨૦૦૧ દર્શાવેલ છે તેમજ આંક-૧૮ ના સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં તેઓની જન્મ તા.૨૮.૦૮.૨૦૦૧ ખોટી હોવાનુ જણાય છે જેથી અરજદારના પુત્રની સાચી જન્મ તારીખ તા. ૧૭.૧૧.૨૦૦૧ હોવાનુ અરજદારના પુરાવાથી જણાઈ આવે છે.આમ, અરજદારના પુત્ર ચિરાગભાઈના સ્કુલમાં એડમીશન સમયે જન્મતારીખ લખાવવા અંગે શરતચૂકની ભુલ થઈ હશે તેવુ માની શકાય તેમ છે.વધુમાં અરજદારના પુત્રની આ ભુલ સુધારવામાં ન આવે તો તેને ભવિષ્યમાં નુકશાન જવાની સંભાવના અરજદારે વ્યકત કરેલ છે તે પણ યોગ્ય જણાય છે.વધુમાં,

સામાવાળાઓ તર્ફે પણ અરજદારની માગણી ખોટી હોય કે અરજદારે કોઈ ખોટી હકીકતો જણાવેલ હોય તેવી કોઈ રજુઆત કરેલ નથી માત્ર અરજદારના પુત્ર શાળા છોડી દીધેલ હોય તેઓ હવે નિયમ મુજબ સુધારો કરી શકે નહી તેવી જ રજુઆત કરે છે.આમ,સમગ્રપણે અરજદારની સોગંદ ઉપરની સરતપાસ તેમજ રજૂ દસ્તાવેજોની અરજદારના પુત્રના સ્કુલ લીવીંગ સર્ટીફિકેટમાં જન્મતારીખ ના કોલમમાં શરતચૂકની ભૂલ થયેલાનું પુરવાર થાય છે અને અરજદાર સુધારો મેળવવાનું પ્રમાણપત્ર મેળવવા હકકદાર જણાય છે જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧) અરજદારની હાલની અરજી **મંજુર** કરવા હુકમ કરવામાં આવે છે.

(૨) ધી ગુજરાત સેકન્ડરી એજયુકેશન રેગ્યુલેશન–૧૯૭૪ ના વિનીયમ નં .૧૨–ક(૬) મુજબ આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, અરજદારના પુત્ર નામે ચીરાગભાઈ શાંતીલાલ પાંડોરની જન્મ તારીખ ૧૭/૧૧/૨૦૦૧ છે.

(૩) ઉપરોકત મુજબનું પ્રમાણપત્ર ઈસ્યુ કરી અરજદારને આપવુ.

(૪) ઉપરોકત પ્રમાણપત્ર રજુ થયેથી સામાવાળાઓએ નિયમોનુસાર જરૂરી સુધારા કરવા.

હુકમ આજ રોજ તા.૦૭મી,માહે–માર્ચ,સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૦૭/૦૩/૨૦૨૬
મુકામ: ભીલોડા

(એમ.એ.મકરાણી)
એડિશનલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ
ભિલોડા.
UID CODE GJ01007